


ભારતીય સેનાના ચીફ જનરલ બિપીન રાવતને આખરી સલામ પાઠવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, રક્ષામંત્રી રાજનાથસિંહ અને કોંગ્રેસ પક્ષના રાહુલ ગાંધીએ પુષ્પાંજલિ આપી સદ્‌ગતને વંદન કર્યા હતા. આ ઉપરાંત સદ્‌ગત બિપીન રાવતના નિવાસસ્થાને અનેક રાજનેતાઓ અને સામાજિક અગ્રણીઓ શ્રદ્ધાંજલિ પાઠવવા પહોંચ્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, હરિયાણાના મુખ્યમંત્રી પરમાનંદ ખટ્ટર અને કેન્દ્રીય મંત્રી મંડળના સભ્યોએ પુષ્પાંજલિ અર્પી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિને ટાંટીયા તોડી નાંખવાની ધમકી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૨૦ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે ફરજ બજાવતા ૭૧ વર્ષીય હર્ષદભાઈ પ્રભુદાસ શાહને ટાંટીયા તોડી નાંખવાની ફોન પર ધમકી એક અજાણ્યા ઈસમ દ્વારા આપવામાં આવી છે. બિલીમોરા ખાતે હતા ત્યારે હર્ષદભાઈને આ ધમકીભર્યો ફોન મળતા તેમણે બીલીમોરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

તાજેતરમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે તા. ૨૬મી નવેમ્બરના રોજ દિનેશ ચોચા નામના એક વિદ્યાર્થીએ જે પીએચડીની પરીક્ષામાં નાપાસ થતાં કુલપતિના અંગત સચિવ યોગેન્દ્રભાઈ પટેલ સાથે માથાકૂટ કરી હતી અને તે બાબતને લેખિત રજૂઆત કરવાનું જણાવતાં તે ત્યાંથી જતો રહ્યો અને બપોરે ફરી બે વાગે યુનિવર્સિટી સંચાલન ઓફિસે આવીને સ્ટાફ સાથે બબાલ કરતા યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અશોક પ્રજાપતિએ તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે તેના વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. બીજી તરફ કાર્યકારી કુલપતિ હર્ષદભાઈ શાહ બીલીમોરા ખાતે તેમની ભાણીને ત્યાં ગયા હતા ત્યારે ગુલશન ઝા નામથી કોઈ અજાણ્યા ઈસમે ફોન કરી દિનેશ ચોચાના નામ ઉલ્લેખ સાથે તે કેસમાં અમને પણ હાથ-પગ તોડતાં આવડે છે તેવી ધમકી આપી હતી જેથી કુલપતિએ આ બાબતે બીલીમોરા પોલીસ સ્ટેશને ગુલશન ઝા નામના વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.



વાઈબ્રન્ટ સમિટ નજીક આવતા દબાણ શાખા કાર્યરત થઈ છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં દબાણ કરનાર લારી ગલ્લાઓને હટાવવામાં આવી રહ્યા છે. પથિકાશ્રમની પાછળ આવેલા લારી ગલ્લાઓના દબાણને દૂર કરવા તંત્ર કામે લાગ્યું છે. દબાણ હટાવવાનું શરૂ કરાતા લારી ગલ્લા ધારકો પોતપોતાનો માલસામાન અન્યત્ર ખસેડી રહ્યા છે.

# ઓટોમેટિક રેઈનગન ઈરીગેશન સિસ્ટમથી પાણીના વપરાશમાં ૫૦ ટકાની બચત

## એગ્રી એશિયા એકઝિબ્યુશનમાં ઓટોમેટીક ટ્રાવેલ રેઇનગન ઇરીગેશન સિસ્ટમનુ લોન્ચીંગ : ઓટોમેટિક ટ્રાવેલ રેઇનગનના આધારે ખેડુતો મેનપાવર વગર જ ૮ કલાકમાં ૫ એકર જમીનમાં પાણી પહોંચાડી શકે છે : પાણી અને ઉર્જાનો બચાવ કરતી આ સિસ્ટમ દરેક પ્રકારની ખેતી માટે સિંચાઇના ઉપયોગમાં લઇ શકાય છે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં હાલ ચાલી રહેલા એગ્રી એશિયા એકઝિબ્યુશનમાં ખેત પાકોમાં સિચાઈ માટે ઓટોમેટિક ટ્રાવેલ રેઈનગન ઈરિગેશન સિસ્ટમનુ લોન્ચીંગ કરવામાં આવ્યુ હતુ આ મશીનના આધારે ખેડુતો મેનપાવરના ઉપયોગ વિના માત્ર ૮ કલાકમાં ૫ એકર જમીનમાં પાણી સપ્લાય કરી શકે છે. જયારે આ મશીનને કાર્યરત કરવા માટે વિજ વપરાશ પણ થતો નથી મશીન પાણીના પ્રેશરથી ચાલે છે. જેના લીધે પાણી અને ઉર્જા બન્નેની બચત થાય છે.

ગાંધીનગરમાં એગ્રી એશિયા એકઝિબ્યુશનનો પ્રારંભ થયો છે. ખેતીને લગતી અદ્યતન ચીજવસ્તુઓ મશીનરી સહીતની પ્રોડકટસ આ એકઝિબ્યુશનમાં મુકવામાં આવી છે. જયારે આ એગ્રી એકસ્પોમાં ખેતી માટે અદ્યતન પધ્ધતિ અપનાવી ખર્ચ ઘટાડતા ઉપકરણો પણ ખેડુતો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. અમદાવાદની ઓગ્રોટીસ ટેકનોલોજીએ પરીધાન ફાર્મા સાથે ખેડુતો માટે ઓટોમેટિક ટ્રાવેલ રેઈનગન ઈરીગેશન સિસ્ટમ નામની પ્રોડક્ટસ પણ લોન્ચ કરી છે. જેના આધારે ખેત પાકોની સિંચાઈમાં પાણીની ૫૦ ટકા બચત થાય છે. રેઈનગન ઈરિગેશન સિસ્ટમના આધારે માત્ર ૮ કલાકમાં ૫ એકર જમીનમાં પાણી પહોંચે છે. જયારે આ માટે કોઈ મેનપાવરની પણ જરૂર પડતી નથી.પરિધાન ફાર્માના એમ ડી ધ્રુવ પટેલ એગ્રોટીસના વિનોદ ગજ્જર ,ચિંતન પટેલ તેમજ મિતુલ પંચાલે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ મશીન માત્ર પાણીના પ્રેશરથી કાર્યરત થાય છે. જયારે આ માટે કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રીસીટીની જરૂર પડતી નથી જેના લીધે ખેડુતોને વિજબીલમાં પણ બચત થાય છે. આ મશીન એગ્રી એકસ્પોમાં લોન્ચ કરવામાં આવ્યુ છે ત્યારે મશીનની કીંમત હજુ આખરી થઈ નથી પરંતુ અંદાજિત ત્રણથી સાડા ત્રણ લાખ રૂપિયામાં આ મશીન ખેડુતોને ઉપલબ્ધ થશે. સાદી રેઈનગન અને ઓટોમેટીક ટ્રાવેલ રેઈનગન ઈરીગેશન સિસ્ટમમાં નોંધપાત્ર તફાવત છે. ઓટોમેટીક રેઈનગન સિસ્ટમમાં પાઈપલાઈનની ઓછી જરૂર પડે છે જયારે ખર્ચ પણ ઓછો થાય છે. જયારે આ મશીનને એક જગ્યાએથી બીજી જગ્યાએ પણ લઈ જઈ શકાય છે. એક વખતમાં ૨૧ હજાર ચો મી વિસ્તારમાં સિંચાઈ થઈ શકે છે. આમ ઓટોમેટીક ટ્રાવેલ રેઈનગન ઈરીગેશન સિસ્ટમ અપનાવાથી ઉર્જા અને પાણીની બચત થાય છે. આ મશીનના ઉપયોગ માટે મેન પાવરની જરૂર પડતી નથી જયારે એકવાર સામન્ય પાઈપલાઈ નાંખ્યા બાદ વર્ષો વર્ષ સુધી તેનો ઉપયોગ કરી શકાય છે. લાંબા સમય સુધી કોઈપણ ખર્ચ કે મરામતની કે ફિલ્ટર લગાવાની પણ જરૂર રહેતી નથી.



પોલીસ વિભાગમાં મોટા પાયે ભરતીની જાહેરાત આવી છે. શિક્ષિત યુવાનો પોલીસમાં ભરતી થવા તનતોડ મહેનત કરી રહ્યા છે. સેકટર-૨૭ સ્થિત ડીએસપી કચેરી ખાતે ઉમેદવારોની શારિરીક કસોટી ચાલી રહી છે. મહિલાઓ તેમાં મોટી સંખ્યામાં ભાગ લઈ રહી છે. ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી આવેલી મહિલા ઉમેદવારો કડક શારીરિક પરિક્ષણમાંથી પસાર થઈ રહી છે.

# સેવા-સદાચાર અને સંસ્કાર સિંચન સદીઓથી સ્વામિનારાયણ સંપ્રદાયની ઓળખાણ બન્યા છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## રાજકોટ નજીકના સરધાર ખાતે સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી પાવન બનેલા સરધાર ધામની પવિત્ર ભૂમિ પર નિર્માણ પામેલા ભવ્ય મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થઈ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું કે સેવા-સદાચાર અને સંસ્કાર સિંચન સદીઓથી સ્વામિનારાયણ સંપ્રદાયની ઓળખાણ બન્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સ્વને ભૂલીને સમષ્ટિના હિતની પરંપરા. લોકોના કલ્યાણની ભાવના. સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ આજે સૌથી વધુ નિર્વ્યસની, સંસ્કારી અને સમૃદ્ધ છે, તેના મૂળમાં સ્વામિનારાયણ સંપ્રદાયની વ્યક્તિત્વ નિર્માણના સમાજ સંસ્કારની પરંપરા છે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યુંહતુંકેરાજકોટ રાજ્યની એક વેળાની રાજધાની એવા આ સરધારનગર સાથે ભગવાન સ્વામિનારાયણનો વિશિષ્ટ સબંધ છે.

ભગવાન સ્વામિનારાયણે સરધારની આ ભૂમિ પર પગલાં કર્યા અને દરબાર ગઢમાં ચાર્તુમાસ ગાળ્યો હતો. રાજવીઓ- ગામ લોકોએ તેમનું સામૈયુ કર્યુ ત્યારે ભગવાન સ્વામિનારાયણે અહિં એક ભવ્ય મંદિરના નિર્માણની ભવિષ્યવાણી કરેલી તે આજે સાકાર થઈ છે.



યોગાનુયોગ આ વર્ષ આઝાદીનું પણ અમૃત પર્વ- અમૃત મહોત્સવ વર્ષ છે ત્યારે ભગવાન સ્વામિનારાયણે ચિંધેલા સંસ્કાર-શિક્ષણ-સદાચારના સિંચનનું કાર્ય કરીને આ મંદિર રાષ્ટ્ર નિર્માણ માટે યુવા પેઢીમાં નેશન ફર્સ્ટનો ભાવ પણ પાર પાડી રહ્યું છે, તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

સ્વામિનારાયણ સંપ્રદાયે ગુરૂકુલ, છાત્રાલય, શાળા-કોલેજ, હોસ્પિટલ અને સાંસ્કૃતિક કેન્દ્રો સમા મંદિરોનું નિર્માણ કરી વ્યક્તિના સ્વાસ્થ્ય, શિક્ષણ સંસ્કાર સિંચનના અદભૂત કાર્યો કર્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં સદવિદ્યા પ્રવર્તન અને સર્વ જીવ હિતાવહ એવી સેવાપ્રવૃત્તિનો સંદેશો આપ્યો છે તેની ભૂપેન્દ્ર પટેલે છણાવટ કરી હતી.

# આઠ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુ યથાવત

## રાજ્યમાં વધતા જતા ઓમિક્રોનના ભય વચ્ચે સરકાર દ્વારા વધુ કડક નિયંત્રણો લાદવામાં આવે તેવી શક્યતા છે

ગાંધીનગર,તા.૧૦

આજે રાજ્યના ૮ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂની મુદત પુર્ણ થતાં હવે તેને ૩૧ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર નાઈટ કર્ફ્યૂની ગાઈડલાઈન ૩૧મી ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. ઉલ્લેખનીય છે, કોરોનાના કેસોમાં વધારો ન થતાં રાજ્ય સરકારે નિયંત્રણો હળવા કર્યા હતા અને ૧થી ૧૦ ડિસેમ્બર સુધી રાજ્યના ૮ મહાનગરપાલિકામાં રાત્રિ કર્ફ્યૂમાં લંબાવ્યો હતો. બીજી તરફ રાજ્યમાં વધતા જતા ઓમિક્રોનના ભય વચ્ચે સરકાર દ્વારા વધુ કડક નિયંત્રણો લાદવામાં આવે તેવી શક્યતા છે. રાજ્યના જે આઠ મહાનગરપાલિકામાં નાઈટ કર્ફ્યૂ લંબાવવામાં આવ્યો છે તેમાં, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જુનાગઢ, જામનગર અને ગાંધીનગરનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર દ્વારા અગાઉ બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનની સૂચનામાં કહેવામાં આવ્યું હતું કે તમામ દુકાનો અને સંસ્થાઓ મધરાત સુધી ખુલ્લી રહી શકશે. તેમજ રેસ્ટોરન્ટ ૭૫% ક્ષમતા સાથે મધ્યરાત્રિ સુધી ખુલ્લી રહી શકે છે અને સિનેમા હોલ ૧૦૦% ક્ષમતા પર કામ કરી શકે છે. ઉપરાંત જીમ ૭૫% ક્ષમતા બગીચા અને ઉદ્યાનો રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે તેવું જણાવવામાં આવ્યું હતું. જામનગરમાં ઝિમ્બાવવેથી આવેલા ૭૨ વર્ષીય વૃદ્ધમાં કોરોના વાયરસના ઓમિક્રોન વેરિયન્ટની પુષ્ટિ થયા બાદ આજે હવે તેમના પત્ની અને સાળાનો પણ ઓમિક્રોનનો રિપોર્ટ પોઝિટિવ આવતા ફફડાટ ફેલાઈ ગયો છે. આ સાથે જ ગુજરાતમાં હવે ઓમિક્રોન વેરિયન્ટના કેસોની કુલ સંખ્યા ૩ પર પહોંચી ગઈ છે અને આ ત્રણેય કેસ જામનગરમાં જ નોંધાતા આસપાસના લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોરોનાની સારવાર માટે વધુ માળખું ગોઠવવા સૂચના આપી છે. ક્લિનિક સારવારમાં વપરાતી આઠ મહત્વની દવાઓનો પૂરતો બફર સ્ટોક સુનિશ્ચિત કરવા, કેસોમાં સંભવિત વધારાને પહોંચી વળવા માટે હોસ્પિટલોની પૂર્વ તૈયારી અંગેની સમીક્ષા કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

# રાજ્યમાં કોરોનાના નવા કુલ ૬૩ કેસ

ગુજરાતમાં કોરોના હવે બેકાબુ થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. રાજ્યમાં કોરોનાના નવા ૬૩ કેસ સામે આવ્યા હતા. તો બીજી તરફ ૩૯ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૪૨૮ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૨ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં ૫,૫૮,૬૧૮ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ રાજ્યમાં હાલ કુલ ૪૮૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૭૪ સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૪૨૮ નાગરિકો ડિસ્ચાર્જ થઇ ચુક્યાં છે. આ ઉપરાંત ૧૦૦૯૮ નાગરિકોનાં મોત થઇ ચુક્યાં છે. અમદાવાદ કોર્પોરેશનના ૧૩, જામનગર કોર્પોરેશનના ૧૧, સુરત કોર્પોરેશનના ૧૧, વડોદરા કોર્પોરેશન ૧૧, કચ્છ, નવસારી અને વલસાડના ૩-૩ કેસ, રાજકોટ કોર્પોરેશનમાં ૨, આણંદ, બનાસકાંઠા, ગાંધીનગર કોર્પોરેશન, પંચમહાલ, રાજકોટ અને વડોદરામાં ૧-૧ કેસ નોંધાયા છે.




આર જી કન્યા શાળામાં ફીટ ઈન્ડિયા સ્કુલ વીક ૨૦૨૧ ની ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે વિદ્યાર્થીનીઓએ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ફીટ ઈન્ડિયા ડાન્સ રજુ કર્યો હતો.આ ઉપરાંત વિવિધ ગેમ્સ પણ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ પોસ્ટર મેકીંગ સ્પર્ધામાં પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેના અંતે શાળાના આચાર્ય ગિતેશ પટેલ તેમજ વ્યાયામ શિક્ષણ ઉર્વશી જોષીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક બળ પુરુ પાડયુ હતુ.

# ઉંઝા ખાતે બનાવટી જીરુ બનાવટી ફેક્ટરી પર દરોડા

મહેસાણા, તા.૧૦

જીલ્લાના ઉંઝા ખાતે બનાવટી જીરુ બનાવટી ફેક્ટરી પર ખોરાક અને ઔષધ નિયમન તંત્રના દરોડા પાડ્યા હતા. વરીયાળીનું ભુસુ, ક્રીમ કલરનો પાવડર અને ગોળની રસીને મીક્ષ કરી તડકામાં સુકવી જીરુના આકાર અને કલર જેવુ બનાવટી જીરુ બનાવાઈ રહ્યું હતું. સ્થળ પરથી રૂ.૮૪,૮૦૦ની કિંમતનો ૩,૨૦૦ કિલોનો જથ્થો જપ્ત કરી બનાવટી જીરુ બનાવવા માટે વપરાતા રો-મટીરીયલના નમુનાઓ જરૂરી પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા હતા. ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમે મહેસાણા જિલ્લાના ઉઝા ખાતે આવેલી એક ફેક્ટરીમાં આકસ્મિક દરોડો પાડીને બનાવટી જીરૂ બનાવી રહેલા એક ફેક્ટરી સંચાલકને પકડી પાડયો છે. વરીયાળીનું ભુસુ, ક્રીમ કલરનો પાવડર અને ગોળની રસીને મીક્ષ કરી તડકામાં સુકવી જીરુના આકાર અને કલર જેવુ બનાવટી જીરુ બનાવી રહ્યા હોવાનુ ધ્યાને આવતા તંત્રએ સ્થળ પરથી રૂ.૮૪,૮૦૦ની કિંમતનો ૩,૨૦૦ કિલોનો જથ્થો જપ્ત કરી બનાવટી જીરુ બનાવવા માટે વપરાતા રો-મટીરીયલના નમુનાઓ જરૂરી પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની મુખ્ય કચેરી તથા મહેસાણા કચેરીના અધિકારીઓ દ્વારા મહેસાણા જીલ્લાના ઉઝા ખાતે ગંગાપુર રોડ પર આવેલી ક્લીનીંગ ફેક્ટરીમાં આકસ્મિક તપાસ હાથ ધરતા બનાવટી જીરુ બનાવવાની કામગીરી ચાલુ હોવાનુ બહાર આવ્યું હતું. દરોડો પાડીને ટીમે સ્થળ પરથી ઊંઝાના પટેલ બિનેશકુમાર રમેશભાઈને આ બનાવટી જીરું બનાવવાની કામગીરી કરતા પકડ્યા હતા. તપાસ દરમિયાન આ વ્યક્તિ વરીયાળીનું ભુસુ, ક્રીમ કલરનો પાવડર અને ગોળની રસીને મીક્ષ કરી તડકામાં સુકવી જીરુના આકાર અને કલર જેવુ બનાવટી જીરુ બનાવી રહ્યા હોવાનુ ધ્યાને આવ્યું હતું.




ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કોલેજ દ્વારા શુક્રવારે 'માનવ અધિકાર દિન' નિમિત્તે સનોડાની એન.જે. પટેલ હાઈસ્કૂલ ખાતે કાનૂની જાગરૂકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિમાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમને કોલેજના પ્રન્સિપાલ ડૉ. દિલીપ મેવાડાએ કાનૂની માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમમાં ડૉ. સોનલ મેવાડા, પ્રો. ડિમ્પલ પરમાર તથા સંસ્થાના હેડ ક્લાર્ક ભૂપેન્દ્રસિંઘ શીખ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રમુખનો આદેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની હતી. હવે પરિસ્થિતિ સંપૂર્ણ થાળે પડી ગઈ છે ત્યારે કચેરીની સફાઈ અને બચેલા રેકર્ડ જે તે શાખાને સોંપવા જણાવ્યું છે.

જિલ્લા પંચાયતના ડેટા સેન્ટરને થયેલ નુકશાન સહિતના અંદાજો અને નકશા તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જો કે રંગરોગાન અને સ્વચ્છતાની કામગીરી તાકીદે કરવામાં આવે તેવી સૂચનાઓ પ્રમુખે આપી છે.

# નીલગાયનો અડ્ડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરવામાં આવે છે. લાંબા સમયના અંતે નગરના મુખ્યમાર્ગો આસાપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાની સફાઈ માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. બીજીતરફ વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરને અનુલક્ષી ચ-૦ થી ઈન્દિરાબ્રિજ તેમજ ગીફટ સીટીને જોડતા માર્ગ પર સલામતીના પરિબળોને પણ ચકાસી જરૂરી કામ હાથ ધરવામાં આવ્યા છે. આ માર્ગ પર આસપાસના વિસ્તારમાં વચાળે નીલગાય દોડી ન આવે તે માટે અગાઉ ગ્રીલ પણ લગાવામાં આવી હતી. ગાંધીનગર શહેરમાં આમ પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ હજુ ક્રોસ રોડ બંધ ન થતા જોખમી સ્થિતિ છે. જયારે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે આમ પણ અકસ્માતો વધી રહ્યા છે. બીજીતરફ વન આરક્ષિત વિસ્તારમાં પણ નીલગાયો રખડતી જોવા મળે છે. શહેરના સેકટરોમાં તેમજ ફુટપાથ પર નીલગાયનો ત્રાસ વધતા શહેરીજનોની પૈડા પરની જિન્દગી વધુ જોખમાઇ છે. ત્યારે સેકટરામાં રખડતી નીલગાયને દુર કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ પ્રબળ બની છે.